# ઉત્તર ગુજરાતના કેળવણીકાર અને પૂર્વ મંત્રી અનિલભાઈ પટેલનું નિધન

### પૂર્વમંત્રી અને ગણપત યુનિવર્સિટીના સ્થાપક અનિલ પટેલના નિધનથી ઉત્તર ગુજરાતમાં ઘેરો શોક





ગણપત વિદ્યાનગર, તા. ૮

ગણપત યુનિવર્સિટીના સ્થાપક-સંવર્ધક અને ગુજરાત રાજયના પૂર્વ ઉદ્યોગમંત્રી અનિલભાઈ પટેલનું આજે અવસાન થયું છે, તેઓ છેલ્લા કેટલાક સમયથી કેન્સરની બિમારીથી ગ્રસ્ત હતા.

અનિલભાઈની આખરી વિદાયથી ગણપત વિદ્યાનગર પરિવાર, ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા પરિવાર, મહેસાણાના નગરજનો તેમજ એમના વતન ગામ લણવાના ગ્રામવાસીઓ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ગણપત વિદ્યાનગરની પાવનભૂમિ ઉપર ગણપત યુનિવર્સિટી જેવી હાઈ-ટેક વિદ્યા સંસ્થાના નિર્માણને કારણે 'વિદ્યા-શિલ્પી' તરીકે નામના અને પ્રતિષ્ઠા પામેલા આનર્ત ભૂમિના આ પનોતા પુત્ર અને સમાજસેવાના ભેખધારી અનિલભાઈ પટેલે વિદ્યા દ્વારા સમાજ ઉત્કર્ષના વિચારને એક ઉદાત જીવન-મંત્ર તરીકે સ્વીકાર્યો હતો અને એમની સમગ્ર કારકિર્દીમાં શિક્ષણના ક્ષેત્ર સિવાય પણ સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં નોધપાત્ર અને ખુબ મહત્વનું યોગદાન આપ્યું હતું જેમાં જીઆઈડીસી, મહેસાણા અર્બન કો. ઓપરેટીવ બેંક, ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા, ધરતી વિકાસ મંડળ તેમજ એપોલો ઈન્ડસ્ટ્રીજ દ્વારા ગુજરાતના ઉદ્યોગ - ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે.

મહેસાણાના ધારાસભ્ય તરીકે બે વાર ચૂંટાયેલા અનિલભાઈ પટેલે તેમની પહેલી ટર્મમાં રાજ્યના ઉદ્યોગમંત્રી તરીકે પણ વાઈબ્રન્ટ સમિટ સહિત અનેક સરકારી કામોમાં સફળતા પૂર્વક પોતાની ક્ષમતા પૂરવાર કરી હતી.

ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરના વિદ્યાર્થીઓ અને વાલીઓનાં હૃદયમાં "વિદ્યા-શિલ્પી" તરીકે આદરભર્યું સ્થાન હાંસલ કરનાર અનિલભાઈએ ગણપત વિદ્યાનગરના નિર્માણ-સંવર્ધન કાર્ય ઉપરાંત પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, મહેસાણા અર્બન કો.ઓ. બેંક, લાયન્સ જનરલ હોસ્પિટલ, ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા; જીઆઈડીસી, ઈન્ડિયન રોડ્ઝ કોંગ્રેસ જેવી અનેક સંસ્થાઓના વિકાસમાં પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

ઉત્તર ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાં અને દેશ-પરદેશમાં વસતા ગુજરાતીઓ માટે આજથી 'સ્વર્ગસ્થ' નહી પરંતુ 'હૃદયસ્થ' થયેલા અનિલભાઈ પટેલ એમની પાછળ પોતાના પરિવારમાં પત્ની શારદાબેન બે પુત્રો આસિતભાઈ તથા આનંદભાઈ તેમનાં બાળકો ઉપરાંત ગણપત વિદ્યાનગરના હજારો વિદ્યાર્થીઓ - પ્રાધ્યાપકો તેમજ એપોલો ઈન્ડસ્ટ્રીઝના હજારો કર્મચારીઓ સહિતનો વિશાળ પરિવાર કલ્પાંત કરતો છોડી ગયા છે.

એમના પાર્થિવ દેહને આજે સવારે ગણપત વિદ્યાનગરના સંકુલમાં લોકોના દર્શન માટે ખૂલ્લો રખાયા બાદ મહેસાણાની સ્મશાન ભૂમિ ખાતે અગ્નિ સંસ્કાર કરવાનું આયોજન થયું હતું.

અહીં એમના પાર્થિવદેહના દર્શન કરી પોતાના હૃદયની શ્રદ્ધાંજલિ અર્પણ કરનારા હજારો લોકોમાં પેટ્રન-ઈન-ચિફ ગણપતભાઈ પટેલ, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિજાપુરના ધારાસભ્ય અને ટ્રસ્ટી રમણભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ખોડાભાઈ પટેલ મહેસાણા અને આસપાસના વિસ્તારોના અનેક અગ્રણી મહાનુભાવો, ટ્રસ્ટીઓ, યુનિવર્સિટી બોર્ડ મેમ્બર પ્રકાશ જાની, યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, રજીસ્ટ્રાર ડૉ. અમિતભાઈ પટેલ, વિવિધ વિભાગોના વડા, આચાર્યો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં એમના ચાહકો અને સામાન્ય પ્રજાજનો જોડાયા હતા.

ગણપત યુનિવર્સીટી ઉભી કરવામાં સ્થાપક સંવર્ધક બન્યા. વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૭ દરમ્યાન બે ટર્મ સુધી મહેસાણાના ધારાસભ્ય અને ઉદ્યોગમંત્રી રહી ચૂક્યા છે. મહેસાણાની જી.આઈ.ડી.સીના વિકાસમાં અમુલ્ય ફાળો છે. તેઓ ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ રહી ચૂક્યા છે. સદગતને શ્રધ્ધાંજલી પાઠવવા માહિતી નિયામક નલીન ઉપાધ્યાય, જિલ્લા કલેકટર એચ.કે. પટેલ, નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના ત્રિગુણી એજ્યુકેશન વિકાસ ટ્રસ્ટના મંત્રીની મિલ્કત ટાંચમાં લેવા હુકમ

### વિહિપના સભ્યની આડમાં સરકારી નાણાં હડપ કરી લીધા છે : ૮,૧૯,૩૬૦ વસુલ કરવા તંત્રની કાર્યવાહી

હિંમતનગર, તા. ૮

આજકાલના જમાનામાં શિક્ષણને કેટલાક વર્ગના લોકોએ વેપાર બનાવીને સરકારી ગ્રાન્ટ ઓહિયા કરી જવામાં પાવરધા બની ગાય છે. ત્યારે હિંમતનગરના ત્રિગુણી એજ્યુકેશન વિકાસ ટ્રસ્ટના મંત્રીએ કેન્દ્રીય વિદ્યાલય બનાવવાના બહાને વિજયનગર તાલુકાના અભાપુર ગામે ફક્ત કાગળ પર આવી સંસ્થા બનાવી સરકાર પાસેથી ગ્રાન્ટ પેટે રૂ. ૮,૧૯,૩૬૦ જેટલી માતબર રકમ ઓહિયા કરી જતા તે અંગે થયેલી રજુઆત બાદ કલેક્ટર તથા આદિજાતિ વિકાસ કમિશ્નરની તપાસમાં કૌભાંડનો પર્દાફાશ બાદ હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ મંત્રીની મિલ્કત ટાંચમાં લઈ તેમાં બોજાની નોંધ કરવા માટે હુકમ કર્યો છે.

આ અંગે વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના પ્રમુખ બી.એફ. વાઘેલાના જણાવાયા મુજબ થોડા સમય અગાઉ ત્રિગુણી એજ્યુકેશન વિકાસ ટ્રસ્ટના મંત્રી દિલીપ ચૌધરીએ તથા અન્ય ટ્રસ્ટીઓએ સરકારને છેતરીને ફક્ત કાગળ ઉપર કેન્દ્રીય સ્કૂલ અભાપુરની મંજુરી લીધી હતી. તેમાં તેમણે ખોટા પુરાવા તથા દસ્તાવેજો અને અન્ય સંસ્થાઓના ફોટોગ્રાફસ ભારત સરકારમાં રજુ કરી મંજુરી મેળવી હતી. ત્યારબાદ આ ખોટી સંસ્થાને નામે તેમણે સરકારી ગ્રાન્ટ પેટે રૂ. ૮,૧૯,૩૬૦ ઓહિયા કરી લીધા હતા.

ટ્રસ્ટના મંત્રી દિલીપ મનસુખ ચૌધરીએ વિશ્વહિન્દુ પરિષદ જેવી હિન્દુ સંગઠનના હોદ્દેદાર બની તેની આડમાં અસંખ્ય કૌભાંડો આચરીને સરકારી નાણાં હડપ કરી લીધા છે. અને તે નાણાંનો ઉપયોગ અંગત કામમાં કર્યો છે. એટલું જ નહિ પણ ત્રિગુણી એજ્યુકેશન વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા કરેલા આ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ તકેદારી આયોગ ગાંધીનગર દ્વારા સાબરકાંઠાના કલેક્ટર તથા તકેદારી અધિકારીને સોપાયેલી તપાસ બાદ તેમના અહેવાલમાં ખુબજ ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જે અંતર્ગત સ્થળ તપાસ દરમ્યાન સ્થળ પર આવી કોઈ સ્કૂલ કે બાળકો, કર્મચારીઓ તથા શિક્ષકો કે કોઈ પણ જાતનું રેકર્ડ મળી આવ્યુ ન હતુ. આ બોગસ કેન્દ્રીય સ્કૂલ બંધ કરવા, ભ્રષ્ટાચારી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા રજુ કરાયેલા ખોટા દસ્તાવેજો આધારો તથા અન્ય સંસ્થાના ફોટોગ્રાફસ ખોટા હતા.

એટલુ જ નહી પણ ટ્રસ્ટ દ્વારા ભુતિયા બાળકો, કર્મચારીઓની સ્કૂલ બતાવી પછાત અને ગરીબ આદિજાતિના બાળકોના નામે લાખ્ખો રૂપિયા સરકાર પાસેથી લઈ લેનાર ટ્રસ્ટીઓ પાસેથી મેળવેલ ગ્રાન્ટ પેટેના નાણાં રેવન્યુ રાહે વસુલ કરવાના થયેલા હુકમોને ટ્રસ્ટીઓ તથા મંત્રી ઘોળીને પી જતા હતા. જેથી તાજેતરમાં હિંમતનગર મામલતદારે કડક કાર્યવાહી કરીને વારંવાર લેખીત નોટીસો આપવા છતાં તેમની મિલ્કતો ટાંચમાં કેમ ન લેવી ? અને હુકમની અમલવારી નહિ થતા મામલતદારે હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં ટેલીફોન સોસાયટીમાં રહેતા ટ્રસ્ટના મંત્રી દિલીપ મનસુખ ચૌધરીની મિલ્કત નંબર સીટી સર્વે નં. ૪૩૦ પૈકીની નં. ૧૧૨ મિલ્કતને ટાંચમાં લઈ મદદનીશ આદિજાતિ કમિશ્નર હિંમતનગરના નામે બોજો દાખલ કરી રેવન્યુ રાહે રીકવરી સર્ટીફિકેટ ઈસ્યુ કરી બીજા હકમાં તેની નોંધ કરવા હુકમ કરાયો છે.

# બનાસડેરી દ્વારા પશુઓમાં થતા ચકરી રોગ વિષે ખેડૂતોમાં જાગૃતિના પ્રયાસ







પાલનપુર, તા. ૮

બનાસકાંઠામાં રોજગારી માટે મુખ્યત્વે પશુપાલનનો વ્યવસાય છે. હવામાનમાં અચાનક ફેરફાર થવાના લીધે નાના મોટા પશુઓમાં રોગો થતા હોય છે. તાજેતરમાં વડગામ તાલુકાના સમશેરપુરા તથા થનીયાણા ગામની આસપાસ ખરવા મોવાસા, ગળસુંઢા તથા ચકરીનો રોગ થવાના લીધે ૧૦ થી ૧૫ મૂલ્યવાન પશુઓ મરણ પામ્યા હતા.

ખરવા મોવાસ રોગ વિરોધી રસી ૧૦૦ ટકા ન મુકાવવાથી પશુઓમાં રોગ પ્રતિકારક શક્તિ ઘટી જવાથી ચકરી જેવા રોગ થવાની સંભાવના રહે છે. સૂક્ષ્મ પ્રજીવથી થતો આ રોગ ગાય, ભેંસ, ઘેટા, બકરાં, ઘોડા, ઊંટ વગેરેમાં થાય છે. વિશિષ્ટ પ્રકારની માખી (ટેબેનસ વગેરે) ચેપગ્રસ્ત પશુઓને કરડીને પછી અન્ય સ્વસ્થ પશુને કરડે ત્યારે તે સ્વસ્થ પશુના લોહીમાં આ પ્રજીવ ભળવાથી આ રોગનો ફેલાવો થાય છે.

પશુમાં ચકરી રોગના લક્ષણો જોવા મળે છે જેમાં પશુને ૧૦૪ થી ૧૦૫ ડિગ્રી જેટલો સખત તાવ આવે છે. પશુનુ લોહી તથા વજન સતત ઘટતુ જાય છે અને પશુ નબળુ પડવા લાગે છે. ગાભણ પશુ તરવાઈ જવાની તથા ગર્ભમાં બચ્ચું મરી જવાની શક્યતા રહે છે, અને પશુમાં વંધ્યત્વની શક્યતા વધી જાય છે. આ રોગને કારણે વિદેશી સંકર ગાયોમાં વધુ પડતું મરણ થાય છે, રોગ થયા પછીથી ૨ અઠવાડિયાથી ૨ માસ દરમિયાનમાં વધુ પ્રમાણમાં મરણ થાય છે, જો કે પશુ વાહક તરીકે ૨ વર્ષ સુધી પણ જીવે છે. પશુઓના પગે, ધાબણી ઉપર તથા પેટના નીચેના ભાગે પાણીનો ભરાવો તથા સોજા જેવું જણાય છે. પશુઓની લસિકા ગ્રંથિમાં સોજો આવી જાય છે. પશુઓના શરીરમાં લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘટી જાય છે અને પશુ જે જગ્યાએ બાંધેલું હોય તેની આજુબાજુ ગોળ-ગોળ ફરે છે. તેથી તેને ચકરીનો રોગ પણ કહેવાય છે. પશુ જે સાંકળથી બાંધેલું હોય તે સાંકળ પણ ખેંચીને માથું ઉંચુ રાખે છે, પશુ બેચેની તથા ઉન્માદ અનુભવે છે અને તેની આંખો લાલાશ પડતી દેખાય છે. પશુ વારંવાર ધ્રુજતા ધ્રુજતા ઉઠે છે, પડે છે અને ફરીથી ઉઠે છે. પશુ ક્યારેક આંધળું થઈ જાય છે.આવા લક્ષણો જણાય તો બનાસ ડેરીના પશુ ચિકિત્સકનો સંપર્ક કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

### સતાવીસ ગોળ પ્રજાપતિ સમાજના

# ૨૫માં સમુહ લગ્નોત્સવમાં ૨૧ નવદંપતિ લગ્નગ્રંથિથી જોડાયા

મોડાસા, તા. ૮

અરવલ્લી-સાબરકાંઠાના સતાવીસ ગોળ પ્રજાપતિ સમાજના ૨૫માં સમુહ લગ્નોત્સવમાં ૨૧ નવદંપતિ લગ્નગ્રંથિથી જોડાયાં હતા. વિવિધ દાતાઓ તરફથી ભેટ સોગાદો આપવામાં આવી હતી.

ઈડર રોડ વીરપુર સાંઈ મદિર સામે સમાજવાડીમાં યોજાયેલ આ સમૂહ લગ્નોત્સવમાં રજતજયંતિ પ્રસંગે સમાજવાડીમાં ૩૩ જ્યોત રામદેવ જ્યોતપાઠ રાખવામાં આવ્યો હતો. અંતમાં સમાજના આગેવાનો, મંદિરના મહંત દ્વારા નવ દંપતીઓને આર્શિવાદ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રમુખ ભાવેશભાઈ એન. પ્રજાપતિ, સમારંભ પ્રમુખ રમણભાઈ કે. પ્રજાપતિ અને મુખ્ય મહેમાન તરીકે વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ ડી. પટેલ વગેરેએ નવદંપતિને આર્શિવાદ આપ્યા હતા.

આયોજકો અરવિંદભાઈ, મોલેશભાઈ, જગદીશભાઈ, મુકેશભાઈ, જયંતીભાઈ (મોડાસા), પ્રકાશભાઈ તથા સંનિભાઈ, સુરેશભાઈ, હસમુખભાઈ, કિરીટભાઈ, વસંતભાઈ, નટવરભાઈ કારોબારી સભ્યોએ સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. મુખ્ય શાસ્ત્રી નરેશભાઈ ઠાકર હતા. સમાજના હેતલબેન પ્રજાપતિ સરપંચ તરીકે ચૂંટાતા તેમનું સન્માન કરાયું હતું.

# અરવલ્લી જિલ્લા ટાઉનપ્લાનિંગ કચેરી રામ ભરોસે ચાલતી હોવાની બૂમ



અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લાને નિર્માણ થયે ૪ વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં હજુ પણ જીલ્લાની કેટલીક કચેરીઓ ચાર્જમાં ચાલી રહી છે. બીજીબાજુ જિલ્લામાં આવેલી જીલ્લામથકની કેટલીક કચેરીઓમાં અધિકારીઓ સમયસર અને ફરજ દરમિયાન હાજર રહેતા ન હોવાની જીલ્લાના પ્રજાજનોમાં ચર્ચાઈ રહ્યું છે. અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલી જીલ્લા ટાઉન પ્લાનિંગ કચેરી પણ રામભરોસે ચાલતી હોવાની પ્રજાજનો બૂમો પાડી રહ્યા છે. જે અંગે ગુરુવારે તપાસ કરતા જીલ્લા ટાઉન પ્લાનિંગ કચેરી રામ રાજ્ય અને પ્રજા સુખી જેવો માહોલ જોવા મળ્યો હતો. બપોરે ૧૨ વાગ્યા સુધી પણ કચેરીમાં મુખ્ય અધિકારી હાજર જોવા મળ્યા હતા.

### બપોરે ૧૨ વાગ્યા સુધી અધિકારી અને સ્ટાફ ઓફિસમાં હાજર રહેતો ન હોવાનો અરજદારોનો આક્ષેપ

મોડાસાના અરવલ્લી જીલ્લા સેવાસદન ખાતે આવેલી જીલ્લાટાઉન પ્લાનિંગ કચેરીમાં અધિકારી હાજર રહેતા ન હોવાનું પ્રજાજનોએ જણાવતા ગુરુવારે આ અંગે સત્ય હકીકત જાણવા જીલ્લા ટાઉન પ્લાનિંગ કચેરીની મુલાકાત લેતા કચેરીમાં અધિકારી રાવલ તેમજ કર્મચારીઓ ફરજ સમય દરિમિયાન હાજર ન જોવા મળતા આ અંગે કચેરીમાં અધિકારી દ્વારા રખાયેલ પટાવાળાને અંગે પુછાતા જણાવ્યું હતું કે સાહેબ મોડાસામાં જ ક્વાટર પર રહેતા હોવાની સાથે બપોરે ૧૨ વાગે સાહેબ મળશે તેમ જણાવ્યું હતું પરંતુ અધિકારી ૧૨-૫૫ મિનિટ સુધી આવ્યા ન હતા. અધિકારીના રાજમાં કર્મચારીઓ પણ મસ્ત હોય તેમ કર્મચારીઓની ખુરશીઓ પણ બપોરના ૧૨ વાગ્યા સુધી કચેરીમાં ડોકાયા ન હતા. ત્યારે અરવલ્લી જીલ્લા ટાઉન પ્લાનિંગ કચેરીના અધિકારી અને કર્મચારીઓની ઘોર બેદરકારી સામે આવી હતી અને કચેરી રામ ભરોશે ચાલતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ત્યારે જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા ટાઉન પ્લાનિંગ અધિકારી અને સ્ટાફ બપોરે ૧૨ વાગ્યા સુધી ઘેરહાજર રહેવા અંગે ખુલાસો માંગવો જોઈએ તેવું અરજદારોએ જણાવ્યું હતું.

# ભાટીયા પાસે પીકઅપ ડાલુ પલટી જતાં ૧૫ ઈજાગ્રસ્ત

તલોદ, તા. ૮

તલોદ-મજરા હાઈવે ઉપર ભાટીયા ગામના સ્ટેન્ડ પાસે પીકઅપ ડાલુ પલટી ખાઈ જતા પીકઅપડાલામાં સવાર ૧૫ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તલોદ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી પ્રમાણે તાલુકાના વિજાપુર ગામના મહિલાઓ અને પુરૂષો સાથે પીક-અપ ડાલામાં સવાર થઈને પોયડા મુકામે બેસણામાં જઈ રહ્યા હતા ત્યારે આજે બપોરે ભાટીયા ગામના સ્ટેન્ડ પાસે આ ગાડી હાઈવે ઉપર એકાએક પલટી ખાઈ જતાં ગાડીમાં સવાર તમામ મુસાફરો ફંગોળાઈ રોડ માર્ગ ઉપર પટકાતા શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાનો ભોગ બનતા તમામ મુસાફરો ભારે બુમાબુમ કરી મુકી હતી. જે સમયે બચાવા માટે દોડી આવેલ લોકોએ તાત્કાલિક ૧૦૮ વાન દ્વારા તલોદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતાં સિવિલમાં ઉપસ્થિત ડૉ. તાત્કાલિક પ્રાથમિક સારવાર હાથ ધરી હતી. ગંભીર ઈજાનો ભોગ બનેલા સાત ઈજાગ્રસ્તોને હિંમતનગર સારવાર માટે રવાના કર્યા હતા.

આજરોજ બપોરના સુમારે અકસ્માતના બનેલા બનાવને પગલે હાઈવે ઉપરથી પસાર થતાં અન્ય વાહનચાલકોમાં પણ ફફડાટની લાગણી પ્રસરી જવા પામી હતી. સદનસીબે તમામ મુસાફરોનો આબાદ બચાવ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### ખેડબ્રહ્મા શહેરમા બુટલેગર બેફામ થતા

# પોલીસે કરી રેડ, પકડ્યો ૨૩૭ બોટલ દારૂ



ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા શહેરમા બુટલેગર બેફામ થતા પોલીસે રેડ કરતા પેટ્રોલિંગ દરમ્યાન રહેણાંક વિસ્તારમાં રેડ મારી ૯૮૯૦૦નો મુદ્દામાલ સાથે એકને ઝડપી પાડ્યો હતો.ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર બુધવાર રાત્રીના ખેડબ્રહ્મા પોલીસના મગનભાઈ, વિજયભાઈ, મહિપાલસિંહ, રાજેન્દ્રસિંહ વિગેરે સ્ટાફ શહેરમાં પ્રોહી. ગુના માટે પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી બાતમી મલી હતી કે દેવીનગર વિસ્તારમાં રહેતા સુશીલકુમાર ઓમપ્રકાશ ટાંકના ઘરમાં ઈંગ્લિશ દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો ઉતારેલ હોય અને વેચાણ કરતો હોય તેના આધારે રેડ કરતા તેના ઘરેથી એક રૂમમાં પેટી પલંગમાં અને કબાટમાંથી પૂંઠાની પેટીઓ અને છૂટી બોટલો મલી આવી હતી. જેમા ૨૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ કિંમત રૂપિયા ૯૮૯૦૦નો પ્રોહી મુદ્દામાલ મલી આવેલ હોઈ તેની પાસે પાસ પરમીટ માગતા તેની પાસે ન હોઈ મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી હતી. વધુ જેની તપાસ ઈ. પીએસઆઈ એન. વી. જોધ્ધા ચલાવી રહ્યા છે. જ્યારે અન્ય બુટલેગર ભુગર્ભમા ઉતરી પડ્યા હતા.

# મોડાસા ડિગ્રી ફાર્મસી કોલેજમાં સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૮

શ્રી બી.એમ. શાહ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, મોડાસા (ડિગ્રી ફાર્મસી)માં તા. ૩ ફેબ્રુઆરીના રોજ 'સાયન્ટિફિક કોમ્યુનિકેશન ઈન ફાર્માસ્યુટિકલ રિસર્ચ-ફંડામેન્ટસ એન્ડ ટેકનીક્સ વિષય પર ગુજકોસ્ટ ગાંધીનગરની સહાયથી એક દિવસીય નેશનલ સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાતની જુદી જુદી કોલેજમાંથી ૯૩ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. મંડળના મંત્રી ડૉ. ઘનશ્યામભાઈ શાહ, પરેશભાઈ મહેતા અને ડૉ. સી.એન. પટેલ (પ્રિન્સિપાલ, મહેસાણા ફાર્મસી કોલેજ) આ સેમિનારનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. આ સેમિનારમાં ડૉ. એમ.બી. ગોહેલ, આણંદ ફાર્મસી કોલેજ, પરેશભાઈ ભટ્ટ, અમદાવાદ અને ડૉ. જે.કે. પટેલ, નૂતન ફાર્મસી કોલેજ, વિસનગર વગેરે તજજ્ઞ તરીકેની સેવાઓ આપી હતી.

# ગાંધીનગર જિલ્લાના એડવોકેટ ઉપર બે અજાણ્યા શખ્સોનો જીવલેણ હૂમલો

### મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચતા અસારવા સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયા

તલોદ, તા. ૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલના એડવોકેટ ધૈવત કે. શાહ ઉપર બુધવારને સાંજના સુમારે અમદાવાદ ઘી કાંટા પાસે બે અજાણ્યા શખ્સો જીવલેણ હૂમલો કરી ભાગી છુટતાં હૂમલાનો ભોગ બનેલ એડવોકેટ ધૈવત કે. શાહનું તાત્કાલિક અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાને પગલે અમદાવાદ શહેર તથા ગાંધીનગર વકીલ એસોસિએશનમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. સત્વરે આ બન્ને હુમલાખોરોને પકડી પાડી તેમના વિરૂદ્ધ કાયદેસરના પગલા લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલના એડવોકેટ ધૈવત કે. શાહ બુધવારે મીરઝાપુર તથા ઘી કાટા કોર્ટમાં કામકાજ અર્થે ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે અમદાવાદ સીટીમાંથી કપડાની ખરીદી કરી ઘરે રખિયાલ આવવા નિકળ્યા હતા. ત્યારે રીલીફ રોડ ઉપરના યસ્વી કોલેજ નજીક એક્ટિવા ઉપર આવેલ બે અજાણ્યા ઈસમો એકાએક બુલેટ ઉપર સવાર ધૈવત શાહ (વકીલ) અને તેની પાછળ સવાર પિતરાઈ ભાઈ અમન શાહને નિશાન બનાવી ગંભીર ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા. જ્યારે હુમલાનો ભોગ બનેલ વકીલને તેમના સગા-સંબંધી દ્વારા સિવિલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.